# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. **ભારતે પાકિસ્તાનને જમ્મુ અને કાશ્મીરમાં ગેરકાયદેસર કબજા હેઠળના વિસ્તારોમાં માનવાધિકારોના ગંભીર ઉલ્લંઘનો બંધ કરવા જણાવ્યું**
2. **ચૂંટણી પંચે ચૂંટણી પ્રચારમાં AI અને કૃત્રિમ સામગ્રીના ઉપયોગ માટે કડક નિયમોની રૂપરેખા આપતી એક નવી માર્ગદર્શિકા જારી કરી**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે**
4. **ચાર દિવસીય છઠ પર્વનો આજથી નહાય-ખાય સાથે પ્રારંભ**
5. **એક દિવસીય ત્રણ મેચોની શ્રેણીની અંતિમ મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાએ ભારતને જીત માટે 237 રનનો લક્ષ્યાંક આપ્યો**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# INDIA-PAK

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી હરીશે પાકિસ્તાનને કહ્યું કે તે જમ્મુ અને કાશ્મીર પર તેના ગેરકાયદેસર કબજા હેઠળના વિસ્તારોમાં માનવાધિકારોના ગંભીર ઉલ્લંઘનો બંધ કરે. તેમણે ગઈકાલે 80મા સંયુક્ત રાષ્ટ્ર દિવસ નિમિત્તે આયોજિત ખુલ્લી ચર્ચા દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને સંબોધતા આ નિવેદન આપ્યું હતું.

શ્રી હરીશે પુનરોચ્ચાર કર્યો કે જમ્મુ અને કાશ્મીર હંમેશા ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ રહેશે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના લોકોએ યોગ્ય સમયે દેશની લોકશાહી પરંપરાઓ અને બંધારણીય માળખા અનુસાર તેમના મૂળભૂત અધિકારોનો ઉપયોગ કર્યો છે.

શ્રી હરીશે વસુધૈવ કુટુંબકમ પ્રત્યે દેશની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો , સમગ્ર વિશ્વને એક પરિવાર માનીને, જે બધા માટે ન્યાય, ગૌરવ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરે છે.

# ECI-ADVISORY

ચૂંટણી પંચે ચૂંટણી પ્રચારમાં કૃત્રિમ બુદ્ધિમત્તા એટ્લે કે AI અને કૃત્રિમ સામગ્રીના ઉપયોગ માટે કડક નિયમોની રૂપરેખા આપતી એક નવી માર્ગદર્શિકા જારી કરી છે.

પંચે રાજકીય પક્ષો , ઉમેદવારો અને પ્રચાર પ્રતિનિધિઓને પ્રચાર માટે ઉપયોગમાં લેવાતી અથવા પ્રસારિત થતી કોઈપણ કૃત્રિમ રીતે જનરેટ કરેલી અથવા

**AI**-પરિવર્તિત છબી , ઑડિઓ અથવા વિડિઓને , **AI**-જનરેટ કરેલી સામગ્રી તરીકે લેબલ કરવા જણાવ્યું છે,

વધુ વિગતો સાંભળીએ અમારા પ્રતિનિધિ પાસેથી..

(બાઈટ – ફરહાત, બિહાર)

પંચે આવી કોઈપણ સામગ્રીને ત્રણ કલાકની અંદર દૂર કરવાનો આદેશ આપ્યો છે. રાજકીય પક્ષોએ **AI** દ્વારા -જનરેટ કરેલી બધી પ્રચાર સામગ્રીના આંતરિક રેકોર્ડ પણ જાળવવા પડશે.

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# CHHATH PUJA WISH

રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ દેશવાસીઓને છઠ પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ ઉપવાસ રાખનારા તમામ લોકોને શુભેચ્છા પાઠવી આ ચાર દિવસીય તહેવારના ગહન સાંસ્કૃતિક મહત્વ પર પ્રકાશ પાડ્યો. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ છઠ મૈયાને સમર્પિત એક ભક્તિ ગીત પણ શેર કર્યું , પ્રધાનમંત્રીએ છઠ મૈયાને પ્રાર્થના કરી કે તેઓ દરેક પર અનંત આશીર્વાદ વરસાવે. શ્રી મોદીએ એમ પણ કહ્યું કે આ તહેવાર સરળતા અને સંયમનું પ્રતીક છે,

શ્રી મોદીએ કહ્યું કે છઠ પર્વ શ્રદ્ધા , પૂજા અને પ્રકૃતિ પ્રત્યેના પ્રેમનો એક અનોખો સંગમ છે. તેમણે કહ્યું કે જ્યારે અસ્ત થતા અને ઉગતા સૂર્યને અર્પણ કરવામાં આવે છે, ત્યારે છઠ ઉત્સવના અર્પણોમાં પ્રકૃતિના વિવિધ રંગોનો પણ સમાવેશ થાય છે.

ગૃહમંત્રી અમિત શાહે સૌને શુભેચ્છાઓ પાઠતા સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે નહાએ-ખાયેની વિધિથી શરૂ થતી છઠ પૂજા પરંપરા , શ્રદ્ધા અને સામાજિક સંવાદિતાનો ઉત્સવ છે. તેમણે છઠ મૈયાને બધા લોકોની ખુશી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

# RAILWAYS-CHHATH PREP

રેલ્વે મંત્રાલયે દિવાળી અને છઠ તહેવારોની ઉજવણી કરીને પરત ફરતા મુસાફરોને સુવિધા આપવા માટે છ હજારથી વધુ ખાસ ટ્રેનો જાહેર કરી છે. આજથી શરૂ થતા ત્રણ

દિવસ દરમિયાન, તહેવારોની ભીડને ધ્યાનમાં રાખીને નવસોથી વધુ ખાસ ટ્રેનો દોડાવાશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , છઠ તહેવારો દરમિયાન સુગમ કામગીરી જાળવવા માટે બિહારના લગભગ ત્રીસ સ્ટેશનો પર વધારાના ટિકિટ કાઉન્ટર , સીસીટીવી સર્વેલન્સ સહિતની સુવિધાઓ કરવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીનો , પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ કાઉન્ટર અને મોબાઇલ અનરિઝર્વ્ડ ટિકિટિંગ સુવિધાઓ સ્થાપિત કરવામાં આવી છે. આ સાથે રેલ્વે સુરક્ષા દળ **RPF** ને પણ પૂરતી સંખ્યામાં તૈનાત કરવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# IMD WEATHER

હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્રપ્રદેશ, દરિયાકાંઠાના કર્ણાટક, ગુજરાત, કેરળ, માહે, કોંકણ, ગોવા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન તેલંગાણા , કર્ણાટક અને લક્ષદ્વીપમાં ભારે પવન સાથે વાવાઝોડાની શકયતા છે. ઉપરાંત આગામી ત્રણ દિવસ દરમિયાન પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ અને આસપાસના વિસ્તારોમાં તોફાની હવામાન રહેવાની આગાહી પણ કરી છે.

## PIB FACT CHECK

સરકારે અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારે ઘણા ભારતીયોને અટકાયતમાં લીધાના સોશિયલ મીડિયા પર ફરી રહેલા એક વીડિયો સાથેના સંદેશનું ખંડન કર્યું છે.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો PIB-ના ફેક્ટ ચેક યુનિટે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપી કે આ સંદેશ તદ્દન ખોટો છે અને આ વિડિઓ 2021નો છે. PIBએ લોકોને સોશિયલ મીડિયા પર આવા ખોટા પ્રચારથી સાવધાન રહેવાઅપીલ કરી છે.

## BALOCHISTAN-ABDUCT

પાકિસ્તાનમાં ગઈકાલે બલુચિસ્તાનના ખુઝદાર જિલ્લામાં એક બાંધકામ સ્થળ પરથી અજાણ્યા બંદૂકધારીઓએ 18 શ્રમિકોનું અપહરણ કર્યું હતું. બંદૂકની અણીએ શ્રમિકોને લઈ જતા પહેલા બંદૂકધારીઓએ અનેક વાહનોમાં આગ લગાવી દીધી હતી. સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે બંદૂકધારીઓએ પહેલા ગાર્ડ્સને બાનમાં લીધા બાદ શ્રમિકોને અજ્ઞાત સ્થળે લઈ ગયા.

# TRUMP-ASIA TOUR

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મલેશિયામાં યોજાનારી આસિયાન બેઠકમાં ભાગ લેવા માટે આશિયા આવશે. શ્રી ટ્રમ્પ તેમની મુલાકાત દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉન સહિત અનેક પ્રાદેશિક નેતાઓને મળે તેવી શક્યતા છે. શ્રી જિનપિંગ અને શ્રી ટ્રમ્પ બંને દેશો વચ્ચે ચાલી રહેલા વેપાર યુદ્ધને સમાપ્ત કરવા અંગે ચર્ચા કરશે. વોશિંગ્ટનથી રવાના થતાં પહેલાં પત્રકારો સાથે વાત કરતા , શ્રી ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ચીન આવતા મહિનાની 1લી તારીખથી લાગુ થનારા વધારાના 100 ટકા ટેરિફ ટાળવા માટે એક કરાર પર સંમત થશે. તેમણે સંકેત આપ્યો હતો કે તેઓ કિમ જોંગ ઉનને પણ મળી શકે છે. જો કે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને અગાઉ કહ્યું હતું કે જો અમેરિકા ઉત્તર કોરિયાના સંપૂર્ણ પરમાણુ નિઃશસ્ત્રીકરણની માંગ હળવી કરે તો તેઓ અમેરિકન રાષ્ટ્રપતિને મળવા માટે તૈયાર રહેશે.

મલેશિયામાં તેમના રોકાણ દરમિયાન , શ્રી ટ્રમ્પ એક નવા વેપાર કરાર પર હસ્તાક્ષર અને થાઇલેન્ડ અને કંબોડિયા વચ્ચે શાંતિ કરાર પર હસ્તાક્ષર કરે તેવી શક્યતા છે. તેઓ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાને પણ મળશે. ત્યારબાદ તેઓ ટોક્યો જશે અને જાપાનના નવનિયુક્ત અને પ્રથમ મહિલા પ્રધાનમંત્રી સનેન તાકાઇચી સાથે ચર્ચા કરશે.

# DAY MEN'S CRICKET ODI

સિડની ખાતે રમાઈ રહેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ની એકદિવસીય ત્રણ મેચોની શ્રેણીની અંતિમ મેચ માં યજમાન ઓસ્ટ્રેલિયાએ ભારત ની સામે 2 76 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને 46.4 ઓવરમાં 236 રને ઓલ આઉટ થઈ ગયું હતું.

## FIH-HOCKEY-PAK OPTS OUT

પાકિસ્તાનની હોકી ટીમ આગામી મેન્સ જુનિયર વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે ભારત નહીં આવે. પાકિસ્તાન હોકી ફેડરેશને તેની સરકારની સલાહ પર આ નિર્ણય લેવાયો હોવાની આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન ( FIH) ને જાણ કરી છે. ઉલ્લેખનીય છે કે મેન્સ જુનિયર વર્લ્ડ કપ નવેમ્બરમાં તમિલનાડુમાં યોજાવાનો છે. આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન ટૂંક સમયમાં આ ઇવેન્ટમાં પાકિસ્તાનની જગ્યાએ અન્ય ટીમની જાહેરાત કરશે.